# આસપાસ ચોપાસ

## ગામમાં મંદિર-મસ્જિદનો ધાર્મિક માહોલ એકતા અને આત્મીયતાનું જીવંત ઉદાહરણ




# પીપળી

પીપળી ગામ તેની શાંતિ, સહઅસ્તિત્વ અને ભાઈચારાની ભાવનાને કારણે આસપાસના વિસ્તારમાં વિશેષ ઓળખ ધરાવે છે. ગામમાં વિવિધ વિસ્તારોમાં મંદિર, મસ્જિદ સહિત અનેક ધર્મસંસ્થાઓ આવેલ છે, જ્યાં દરેક ધર્મના લોકો પોતાની પરંપરા અને શ્રદ્ધા મુજબ આરાધના કરે છે. આ ધાર્મિક સ્થળો માત્ર ઉપાસનાના કેન્દ્ર નથી, પરંતુ ગામલોકોને એકબીજા સાથે જોડતી આત્મીય કડી છે.પીપળી ગામમાં દરેક ધર્મના તહેવારો પરંપરાગત રીતે અને ખુશીના માહોલમાં ઉજવવામાં આવે છે. મુસ્લિમ સમુદાય દ્વારા ઉર્સ, મહોરમ જેવા તહેવારો શ્રદ્ધાપૂર્વક ઉજવાય છે. તે જ રીતે હિન્દુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી જેવા પર્વો પણ ઉમંગ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે. ખાસ વાત એ છે કે આ તમામ તહેવારો કોમી એકતા અને પરસ્પર સન્માન સાથે ઉજવાય છે. ગામના ભાગોળ વિસ્તારમાં આવેલ મસ્જિદ અને તેની બાજુમાં આવેલ ભગવાન શ્રીરામનું પૌરાણિક મંદિર ગામની વિશેષ ઓળખ બની ગયું છે.એક તરફ આસ્થા અને ઇબાદતનું પ્રતીક એવી સુંદર મસ્જિદ છે, તો બીજી તરફ શ્રદ્ધાનું કેન્દ્ર એવું ભગવાન શ્રીરામનું મંદિર આવેલ છે. આ બંને ધાર્મિક સ્થાનક સૌ ગ્રામજનો માટે આત્મીયતા કેળવે છે. સાંજના સમયે મંદિરની આરતી વખતે વાગતી ઝાલરોનો મધુર રણકાર અને એ જ સમયે મસ્જિદમાંથી સંભળાતી અઝાન–આ બંને અવાજો મળીને ગામના વાતાવરણને ખૂબ જ આધ્યાત્મિક અને શાંત બનાવી દે છે. આ દૃશ્ય પીપળી ગામની સહિષ્ણુતા અને ધાર્મિક સમરસતાનું જીવંત ચિત્ર રજૂ કરે છે. ગામની સૌથી મોટી વિશેષતા તેની એકતા અને સમરસતા છે. અહીં ધર્મ અલગ હોઈ શકે, પરંતુ દિલ એક છે. સુખ-દુઃખમાં, તહેવારોમાં અને સામાજિક પ્રસંગોમાં ગામના તમામ લોકો સાથે મળીને ઉભા રહે છે.પીપળી ગામમાં મંદિર અને મસ્જિદ માત્ર ઇમારતો નથી, પરંતુ ભાઈચારું, શાંતિ અને માનવતા નો સંદેશ આપતા પ્રતીકો છે.

## સમસ્યા : માધ્યમિક શિક્ષણની સુવિધા અભાવે વિદ્યાર્થીઓ અન્ય ગામે જવા મજબૂર

પીપળી ગામમાં શિક્ષણના ક્ષેત્રની વિકટ સમસ્યા લાંબા સમયથી રહેવા પામી છે. ગામમાં ધોરણ 1 થી 8 સુધીની પ્રાથમિક શાળાની સગવડ ઉપલબ્ધ છે, જેના કારણે નાનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મેળવવામાં કોઈ ખાસ મુશ્કેલી નથી. પરંતુ જેમ જ વિદ્યાર્થીઓ ધોરણ 8 પાસ કરે છે, ત્યારબાદ માધ્યમિક શિક્ષણ માટે ગામ બહાર જવું ફરજિયાત બનતું હોય છે, જે ગ્રામજનો માટે મોટી ચિંતા સમાન છે. ગામમાં સરકારી માધ્યમિક શાળાની સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓને ધોરણ 9 અને 10 માટે ભાદરણ, કિંખલોડ, બોરસદ અથવા આંકલાવ જેવા અન્ય ગામો અને શહેરોમાં દૈનિક અવરજવર કરવી પડે છે.દૂરના અંતર, પરિવહનની અછત અને વધારાના ખર્ચના કારણે અનેક વિદ્યાર્થીઓને શિક્ષણમાં અડચણોનો સામનો કરવો પડે છે.

**વિદ્યાર્થીઓને ધોરણ 9 અને 10 માટે ભાદરણ, કિંખલોડ, બોરસદ અથવા આંકલાવમાં અવરજવર કરવીપડેછે.દૂરનાઅંતર,પરિવહનની અછત અને અનેક વિદ્યાર્થીઓને શિક્ષણમાં અડચણોનો સામનો કરવો પડે છે**

ગ્રામજનોએ માંગ વ્યક્ત કરી છે કે પીપળી ગામમાં સરકારી માધ્યમિક શાળા શરૂ કરવામાં આવે. ગામની વસતી, પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા અને આસપાસના વિસ્તારની જરૂરિયાતોને ધ્યાનમાં લેતા અહીં માધ્યમિક શાળા સ્થાપિત કરવી અત્યંત જરૂરી બની છે. જો ગામમાં જ માધ્યમિક શાળા શરૂ થાય તો વિદ્યાર્થીઓને શિક્ષણ ચાલુ રાખવામાં સરળતા રહેશે. શિક્ષણમાં ડ્રોપઆઉટનો દર ઘટશે. ગામમાં પ્રાથમિક શિક્ષણની સગવડ હોવા છતાં માધ્યમિક શાળાની અછત ગામના ઉજ્જવળ ભવિષ્યમાં અવરોધરૂપ બની રહી છે. સંબંધિત તંત્ર અને સરકાર આ મુદ્દે ગંભીરતાથી વિચાર કરી પીપળી ગામમાં સરકારી માધ્યમિક શાળાની મંજૂરી આપે, જેથી ગામના બાળકોને પોતાના ગામમાં જ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી શકે.

## દૂધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા 6 દાયકાથી પશુપાલકોની આર્થિક સમૃદ્ધિનો મુખ્ય આધાર છે




પીપળીના ગામલોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે, પરંતુ ખેતીની સાથે સાથે પશુપાલનને પણ મહત્વપૂર્ણ પૂરક વ્યવસાય તરીકે અપનાવવામાં આવ્યો છે. ગાય અને ભેંસ જેવા દુધાળા પ્રાણીઓનું પાલન કરીને કમાણી માટે દૂધ ઉત્પાદન કરવામાં આવે છે. ઘણા બધા પરિવારો ગાય-ભેંસનો ઉછેર પાલન પોષણ કરે છે. નિયમિત સંભાળ અને મહેનતના પરિણામે ગુણવત્તાયુક્ત દૂધનું ઉત્પાદન થાય છે. આ દૂધ ગામલોકો સહકારી ભાવનાથી એકત્ર થઈ સહકારી દૂધ ઉત્પાદક મંડળીમાં દૂધ જમા કરાવે છે.

પીપળી ગામની સહકારી દૂધ મંડળી ગામના તમામ પશુપાલકો માટે વિશ્વાસપાત્ર સંસ્થા બની છે. અહીં સવાર અને સાંજ એમ બે વખત દૂધ એકત્ર કરવામાં આવે છે. એકત્ર થયેલું દૂધ પછી જિલ્લાની પ્રખ્યાત અમૂલ ડેરીમાં જમા કરાવવામાં આવે છે. આ વ્યવસ્થાથી પશુપાલકોને યોગ્ય ભાવ મળે છે. જેથી નિયમિત આવક મેળવી રહ્યા છે. પશુપાલન દ્વારા મળતી આવકથી ગામલોકો પોતાનો જીવનનિર્વાહ સરળતાથી કરી શકે છે. સાથે સાથે લગ્ન, તહેવાર, ધાર્મિક કાર્યક્રમો જેવા સામાજિક પ્રસંગો પણ આ આવકના આધાર પર સુચારૂ રીતે સંપન્ન થાય છે.

સહકારી દૂધ મંડળી ગામના આર્થિક સ્થિરતાનું મહત્વનું સાધન બની છે. સહકારી દૂધ ઉત્પાદક મંડળી માત્ર દૂધ એકત્ર કરવાની જગ્યા નથી, પરંતુ ગામની એકતા, સહકાર અને આત્મનિર્ભરતાનું પ્રતીક પણ છે. પીપળી ગામની સહકારી દૂધ મંડળી ગામલોકોના જીવનમાં આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે.

## આગોતરા આયોજન અને લોકપ્રતિનિધિઓની જવાબદારીથી પીપળી ગામ વિકાસ માર્ગે




**ગામમાં પગદંડી રસ્તાઓ તેમજ ખુલ્લા ચોગાનમાં બ્લોક સુવિધાથી આવન-જાવનસરળ બન્યું છે**


પીપળી ગામ છેલ્લા કેટલાક વર્ષોથી સતત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકપ્રતિનિધિઓ આગોતરા આયોજન સાથે સક્રિય રીતે જવાબદારી સંભાળી રહ્યા હોવાથી ગ્રામજનોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થતી રહી છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામના સર્વાંગી વિકાસ માટે સરકારી યોજનાઓનો પૂરતો લાભ લેવાઈ રહ્યો છે.

ગામમાં મોટી આર્થિક સમૃદ્ધિ ન હોવાના કારણે વિકાસ કાર્યો માટે મુખ્યત્વે સરકારી ગ્રાન્ટ પર નિર્ભર રહેવું પડે છે. તેમ છતાં છેલ્લા ત્રણેક વર્ષોમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતા અને આયોજનશક્તિના કારણે ગામમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે.

ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ, તેમજ ખુલ્લા ચોગાનમાં બ્લોક પાથરવાની કામગીરી કરવામાં આવી છે, જેના કારણે આવન-જાવન સરળ બન્યું છે.

ગામમાં વોટર વર્ક્સ વ્યવસ્થા કાર્યરત હોવાથી પીવાના પાણીની સગવડ ઉપલબ્ધ છે. સાથે સાથે વીજળીની સુવિધા પણ સુચારૂ રીતે મળી રહે છે. ગ્રામજનો સ્વચ્છતા અંગે ખૂબ જ સજાગ છે અને ગામને સ્વચ્છ રાખવા માટે સૌ કોઈ પોતાની જવાબદારી નિભાવે છે. ગામની ભાગોળ પાસે વિશાળ ઝાડોની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે નિયમિત રીતે ભેગા થાય છે. પીપળી ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘરો છે. ગામમાં નાનું પરંતુ સુવ્યવસ્થિત બજાર છે, જ્યાં જીવનજરૂરિયાતની લગભગ બધી વસ્તુઓ સરળતાથી મળી રહે છે

ગામને સિંચાઈની પૂરતી સુવિધા મળતી હોવાથી ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક ઉપજાવી શકે છે. આથી ખેતી ગામના મુખ્ય આધારરૂપ વ્યવસાય તરીકે મજબૂત બની છે અને ગ્રામજનોની આવકમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે.4 ગામના વિકાસમાં મહિલાઓની ભૂમિકા પણ ખૂબ જ મહત્વપૂર્ણ બની છે. ગામમાં સખી મંડળો અને સ્વ સહાય જૂથો રચવામાં આવ્યા છે, જેના માધ્યમથી મહિલાઓ દૈનિક આવકમાંથી બચત કરી શકે છે. આ મંડળો દ્વારા મહિલાઓના નાના-મોટા કામો સરળતાથી પૂર્ણ થાય છે. આ સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ સ્વ સહાય જૂથો સાથે જોડાઈને આર્થિક ઉત્કર્ષ તરફ આગળ વધી રહી છે. ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય હોવા છતાં, ગામના અગ્રણીઓ અને લોકપ્રતિનિધિઓની દિર્ઘદૃષ્ટિ અને એકતાના કારણે પીપળી ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. આ રીતે આગોતરા આયોજન, લોકપ્રતિનિધિઓની જવાબદારી અને ગ્રામજનોના સહકારથી પીપળી ગામ વિકાસનું સુંદર ઉદાહરણ બની રહ્યું છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)